# રેગ્યુલર દીવાની દરખાસ્ત નં.૧૦/૨૦૨૨ ના કામે આંક–૦૧

## લગત હુકમ

૧)	હાલની અરજી તથા કેસનુ રેકર્ડ ધ્યાને લીધુ. આ કામે કોર્ટ કમીશ્નરશ્રી દવારા આંક–૨૬ થી રોજકામ તથા પોતાનો રીપોર્ટ રજુ કરેલ છે. માર્ક–૨૬/૧ થી રજુ થયેલ રોજકામ તથા નકશો ધ્યાને લઈ દરખાસ્ત વાદી દવારા આક–૨૭ થી વિથડ્રો પુરશીસ રજુ રાખેલ હતી પરંતુ દરખાસ્ત પ્રતિવાદી ધ્વારા સદર રોજકામ સામે વાંધા રજુ કરવા હોય મુદતની માંગણી કરેલી અને ત્યાર બાદ આજરોજ દરખાસ્ત પ્રતિવાદીના વકીલશ્રી ધ્વારા કોઇ રીપોર્ટ રજુ રાખેલ નથી અને મૌખીક રજુઆત કરી જણાવેલ છે કે તેઓને હવે કોઇ વાંધા રજુ કરવા નથી આમ અત્રેની કોર્ટના રે.દી.મુ.નં. ૨૩૦/૨૦૦૫ ના કામે થયેલ હુકમનુ પાલન થયેલ હોવાનુ જણાઇ આવતુ હોય વાદી ધ્વારા આંક–૨૭થી રજુ કરેલ વિથડ્રો પુરસીસ ધ્યાને લઇ સદર દરખાસ્ત વિથડ્રોથી ફેસલ કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ તારીખ : ૦૬ઠ્ઠી, માહે : એપ્રીલ, સને–૨૦૨૬ના રોજ કાયમી લોક અદાલતમાં મારી સહી કરી જાહેર કર્યો.

**તારીખ.૦૬/૦૪/૨૦૨૬**
**માંગરોળ.**

**( એ. એમ. મહેતા)**
**મુખ્ય સિવિલ જજ**
**માંગરોળ.**